CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME FROM DISHA MANOJBHAI SHAH TO NEW NAME DISHA MANOJ SHAH & I WILL BE KNOWN AS DISHA MANOJ SHAH from here. I have submitted an affidevit to this effect, which was signed by me on 13/07/2026 GG No 00451190
ADD : A-1-503, NANDANVAN -2, NR. BALAJI VILLA, VIP ROAD, VESU,SURAT - 395007

નામ બદલેલ છે.

મારું જુનું નામ દિશા મનોજભાઈ શાહ હતું. જે નામ બદલીને નવું નામ દિશા મનોજ શાહ રાખેલ છે. "મેં આ અંગેનું એક સોગંદનામું (એફિડેવિટ) રજૂ કર્યું છે, જેના પર મેં ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ સહી કરી હતી, જેનો (GG No 00451190) છે." જેની સર્વે નોંધ લેવી.

લિ. દિશા મનોજ શાહ
સરનામું : A-1-503,નંદનવન-2,બાલાજી વિલા પાસે, વીઆઈપી રોડ,વેસુ,સુરત - 395007

મોજે : કોસાડ, બ્લોક નં. ૪૪૪, ૬૧૩ /૧, ૨ અંગે જાહેર ચેતવણી

સુરત ડી. સબ ડી.કતારગામના મોજે : કોસાડના બ્લોક નં. : ૪૪૪, ૬૧૩/૧ તથા ૬૧૩/૨ વાળી ખેતીની વડીલોપાર્જિત જમીનો મર્હુમ ઈશ્વરભાઈ કરસનભાઈ પટેલની સંયુક્ત માલિકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલ હતી. સદર જમીનના માલિક ઈશ્વરભાઈ કરસનભાઈ પટેલનું તારીખ : ૧૮/૦૭/૨૦૨૧ના રોજ અવસાન થતાં સદર જમીનોમાં મર્હુમ ઈશ્વરભાઈ કરસનભાઈ પટેલના વારસ પુત્રી તરીકે હમારા અસીલણ મનિષાબેન ઈશ્વરભાઈ પટેલ તે મનિષભાઈ પટેલની પત્નીનો કાયદેસરનો વણવહેંચાયેલો હકક હિસ્સો ચાલી આવેલ છે. ઉપરોકત જણાવેલ જમીનો અંગે હમારા અસીલણે કોઈ પણ વ્યકિતને કોઈ પણ જાતના લખાણો કરી આપેલ નથી. તેમ છતાં અમારા અસીલણનો વણવહેંચાયેલા હકક હિસ્સો પચાવી પાડવા માટે કેટલાંક લે–ભાગુ ઈસમો ગેરકાયદે રીતે વર્તી હમારા અસીલની જાણ બહાર કહેવાતાં લખાણો ઉભા કરીને હમારા અસીલણના વણવહેંચાયેલા હકક, હિત, હિસ્સાને નુકશાન પહોચાડવાની કોશિષ કરી રહયા છે અને આવા કહેવાતાં લખાણો રદ જાહેર કરવા બાબતે અમારા અસીલણ નામદાર સીવીલ કોર્ટમાં કાયદેસરની કાર્યવાહી કરનાર હોય, જેથી ઉપર જણાવેલ વડીલોપાર્જિત જમીનો અંગે હમારા અસીલણની રૂબરૂ સહી સંમતિ વગર આવા લે–ભાગુ ઈસમો પાસેથી કોઈ પણ વ્યકિતએ વેચાણ,ગીરો કે બક્ષીસથી રાખવી નહી અને તેમ છતાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થા સદર જમીનો અંગે વેચાણ, ગીરો કે બક્ષીસ અંગેના વહીવટો કરશે તો તેવાં વહીવટો કરનાર વ્યકિત, બેંક કે સંસ્થા સામે અમારા અસીલણે દીવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે અને તેવાં વહીવટ કરનાર વ્યકિતઓને, બેંકને કે સંસ્થાને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

–:: અમારી મારફત ::–
ગેમલસિંહ એમ. ઠાકોર
રીશીરાજ ગેમલસિંહ ઠાકોર
એડવોકેટસ
ઠે. :– ૧૧૧, સેઈન્ટપાર્ક, ગુજરાત ગેસ સર્કલની પાસે, અડાજણ રોડ, સુરત. તા. ૧૭/૦૭/૨૦૨૬.
મો. નં. ૯૮૨૫૧–૧૬૬૦૨.

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ/તાલુકો **કતારગામના** મોજે ગામ **વરીયાવમાં** આવેલ ખેતીની જમીન કે જેનો **બ્લોક નં. ૭૪૩, સર્વે નં. ૮૧૦, ખાતા નં. ૬૧૫** વાળી જમીન કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ **હે.આરે. ૧–૫૮–૧૬ ચો.મી. યાને ૧૫૮૧૬ ચો.મી.** થાય છે, જેનો આકાર રૂા. ૧૭.૫૬ છે. જે જુની શરતની ખેતીની જમીન (૧) **રામજીભાઈ ભગવાનભાઈ (૨) ગોપાળભાઈ શામજીભાઈ (૩) રણછોડભાઈ અરજણભાઈ (૪) અંજુબેન કેશવભાઈ તથા (૫) શરદભાઈ ડુંગરભાઈના** નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદીને ચાલે છે. તેઓ સદરહું જમીનના સંયુકત અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું અને સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દરદાવો કે લીયન/ચાર્જ કે ગીરો/ માર્ગેજ/લેટ/વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ (સાત) માં તે બાબતના મુળ(ઓરીજનલ) પુરાવા સહિત અમોને ઉપરના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનોમાં અમારા અસીલ સીવાય અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દરદાવો કે લીયન/ચાર્જ કે ગીરો/મોર્ગેજ/લેટ/ વારસાઈ નથી અને જો હોય તો આ નોટીસમાં આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીન માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૭/૦૭/૨૦૨૬
ઓફીસઃ ૩૨૮, લક્ષ્મી એન્કલેવ–૧, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત મો. ૮૪૬૦૨ ૦૮૯૦૨

અસીલની સુચના અને ફરમાઈશથી,
સાગર આર. ભાયાણી
એડવોકેટ

વિશ્વાસ – સહકાર – સેવા – સદ્ધરતા – સમુન્નતિ
સહકારેણ સમુન્નતિઃ
સ્થાપના તા. ૨૯–૭–૧૯૬૨

સુરત નેશનલ કો-ઓ.બેન્ક લિ.

વહીવટી ઓફિસ : ૩૧૦–એ/બી, કેનોપસ, ત્રીજો માળ, કલ્યાણ જ્વેલર્સની પાસે, ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૭. ફોન નં. ૨૨૧૩૧૦૧, ૬૭૧૩૦૧૧–૧૨–૧૩

સુજ્ઞ સભાસદ જોગ – વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ઉપરોકત બેન્કની ૫૪મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૧.૦૭.૨૦૨૬ને શુક્રવારનાં રોજ સાંજે ૬.૦૦ કલાકે "જીવનભારતી રંગભવન" ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મુકામે એજન્ડા પર જણાવેલ કામો માટે મળશે. તેમાં સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી. વિગતવાર એજન્ડા બેન્કની વહિવટી ઓફિસનાં નોટિસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. (વાર્ષિક અહેવાલ તથા હિસાબો બેન્કની વહિવટી કચેરી પરથી સભાસદોએ મેળવી લેવા વિનંતી.) વાર્ષિક અહેવાલ બેન્કની વેબસાઈટ www.suratnational.bank.in ઉપર ઉપલબ્ધ છે.

તા. ૧૬.૦૭.૨૦૨૬
સ્થળ : સુરત

હિતેશ એચ. શાહ
ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

નોંધ : વર્ષ ૨૦૨૫–૨૬ નું ડિવીડન્ડ સભાસદોનાં બેન્ક ખાતામાં ECS મારફત જમા આપવામાં આવશે. જે સભાસદોનાં બેન્ક ખાતાની વિગતો બેન્કમાં રજુ કરેલ ન હોય, તેમણે સત્વરે વિગત બેન્કમાં અપડેટ કરાવવી. જે સભાસદો/ખાતેદારોનાં KYC પુરાવા રજુ કરવાના બાકી હોય તો સત્વરે બેન્કમાં જમા કરાવવા.

:: ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ ::

મોજે : સીમાડી, તા.કામરેજ, જિ.સુરત

બ્લોક નં.	૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે–આરે	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
૬૪/ક	હે.આરે. ૦–૩૨–૫૦ ચો.મી.	૩.૬૧	૫૦૧

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત જીલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ સીમાડી ની ઉપરોકત વિગતેની જુની શરતની ખેતીની જમીન મારા અસીલ **પારસકુમાર પ્રભુદાસભાઈ પાડોદરા** નાઓની સંપુર્ણ અને સ્વતંત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા તેમજ વહીવટ હેઠળની ચાલી આવેલ છે. જે જમીન બાબતે મારા અસીલે આજ દીન સુધી પણ કોઈપણ ઈસમ સાથે કોઈપણ પ્રકારનાં લખાણો કે વેચાણ વ્યવહારો કરેલ ન હોય તથા તે તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવી સદર જમીન અંગેનાં ટાઈટલ ક્લિયર અને માર્કેટેબલ હોવા બદલનાં પ્રમાણપત્રની અમોની પાસેથી માંગણી કરેલ છે. જેથી સદરહું જમીન અંગેના માલીકી ટાઈટલ, રાઈટ્સ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કે કબજા પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, કે કોઈ લેણું કરજ ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના હક્ક અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ–૭ (સાત)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજીસ્ટર્ડ.પોસ્ટ. એડી. થી રજુઆત કરવી. જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની અમો સદર જમીન માલીકને ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ આપીશું. જેથી ત્યારબાદ કોઇના કોઈ પણ પ્રકારાનાં હક્ક, દાવા કે તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા–વળગતા સર્વએ નોંધ લેવી.

સ્થળ : સુરત – તા. ૧૭/૦૭/૨૦૨૬

ઠે.૧૧૮, સનરાઈઝ ચેમ્બર્સ, સરદાર ચોક પાસે, મિનિબઝાર, વરાછા રોડ, સુરત. મો : ૭૦૬૯૨–૫૦૬૪૧

મારી મારફત
રોહીત આર. કણકોટીયા
એડવોકેટ

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : વેલંજા : ૧૫૧,૧૫૨ નવા ફળિયા વેલંજા ૩૯૪૧૫૦.
ફોન. : ૬૩૫૯૯૦૬૪૦૯ email: bo8954@pnb.bank.in
પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] **કબજા નોટીસ** (સ્થાવી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, વેલંજા શાખા, જી.સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ, ૨૦૦૨ અને તેમને મળેલ સત્તા સાથે આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદાર/ ગીરવેદાર **શ્રીમતી સંધ્યા દેવી ધનજી શર્મા** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૯,૩૭,૫૧૨.૯૧/– (અંકે રૂા. નવ લાખ સાડત્રીસ હજાર પાંચસો બાવન અને એકાણું પૈસા પુરા) તા.૩૧.૦૩.૨૦૨૬** ના રોજના આ નોટીસ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૪મી જુલાઈ ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો **સાંકેતિક કબજો** મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૯,૩૭,૫૧૨.૯૧/– (અંકે રૂા. નવ લાખ સાડત્રીસ હજાર પાંચસો બાવન અને એકાણું પૈસા પુરા) તા.૩૧.૦૩.૨૦૨૬** ના રોજના આ નોટીસ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **આર્યા રેસીડેન્સી, નામની સોસાયટી નો પ્લોટ નં. ૪૦૮** (કેજેપી મુજબ બ્લોક/પ્લોટ નં. ૮૨/૪૦૮) પ્લોટ એરિયા માપ ૪૮.૦૦ ચો.વાર એટલે ૪૦.૧૮ ચો.મી + કોમન રોડ અને સીઓપી ના વણવહેંચાયે ૨૩.૫૦ ચો.મીટર હિસ્સા, જમીન રેવન્યુ બ્લોક નં.૫૫, બ્લોક નં.૮૨ માપ ૩૮૦૫૩.૦૦ ચો.મી, મોજે ગામ કારેલી, તાલુકા પલસાણા, જી. સુરત ખાતે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડે નો પ્લોટ નં.૪૧૫, **પશ્ચિમ તરફ :** જોડે ની સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તર તરફ :** જોડે નો પ્લોટ નં. ૪૦૭, **દક્ષિણ તરફ :** જોડે નો પ્લોટ નં. ૪૦૯ આવેલ છે.

તારીખ : ૧૪.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

---

cello

નોંધણીકૃત કચેરીઃ ૫૯૭/૨એ, સોમનાથ રોડ, ડાભેલ, નાની દમણ, દમણ અને દીવ - ૩૯૬ ૨૧૦. (ભારત)
કોર્પોરેટ કચેરીઃ સેલો હાઉસ, કોર્પોરેટ એવન્યુ, 'બી' વિંગ, ૮મો માળ, સોનાવાલા રોડ, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૩, (ભારત), ફોન નં.: ૦૨૨- ૬૯૯૭૦૦૦૦; CIN: L25209DD2018PLC009865
ઇમેઇલઃ grievance@celloworld.com; વેબસાઇટઃ www.corporate.celloworld.com

૮મી વાર્ષિક સાધારણ સભા (AGM)ની નોટિસ, રિમોટ ઈ-વોટિંગની માહિતી અને બુક ક્લોઝર

આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને તે હેઠળના નિયમો તેમજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ની જોગવાઈઓ અને તે સાથે વંચાણમાં લેવાતા કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA")ના તારીખ ૮ એપ્રિલ ૨૦૨૦, ૧૩ એપ્રિલ ૨૦૨૦, ૫ મે ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી ૨૦૨૧, ૮ ડિસેમ્બર ૨૦૨૧, ૫ મે ૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ના પરિપત્રો તેમજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા બહાર પાડવામાં આવેલા તારીખ ૧૨ મે ૨૦૨૦, ૧૫ જાન્યુઆરી ૨૦૨૧, ૧૩ મે ૨૦૨૨ અને ૫ જાન્યુઆરી ૨૦૨૩ના પરિપત્રોના પાલન હેઠળ, સેલો વર્લ્ડ લિમિટેડ ("કંપની")ના સભ્યોની ૮મી વાર્ષિક સાધારણ સભા (AGM) શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે (ભારતીય માનક સમય - IST) વિડીયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") (જેને હવે પછી "ઇલેક્ટ્રોનિક માધ્યમ" તરીકે ઓળખવામાં આવશે) દ્વારા યોજાશે. આ સભામાં તે નોટિસ અને તેની સાથેના સ્પષ્ટીકરણ નિવેદનમાં દર્શાવેલ કાર્યો હાથ ધરવામાં આવશે. સભ્યોની કોઈ એક સામાન્ય સ્થળે પ્રત્યક્ષ હાજરી રહેશે નહીં. સભ્યો ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો દ્વારા આગામી AGMમાં જોડાઈ શકશે અને તેમાં ભાગ લઈ શકશે અને પ્રોક્સીની નિમણૂકની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. ઓડિયો વિઝ્યુઅલ માધ્યમથી AGMમાં હાજરી આપનાર સભ્યોને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૩ હેઠળ કોરમના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

રિમોટ ઈ-વોટિંગ અને AGM દરમિયાન ઈ-વોટિંગ માટેની સૂચનાઓઃ

સંબંધિત પરિપત્રોના પાલનમાં, AGMની નોટિસ, સ્પષ્ટીકરણ નિવેદન અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીનો વાર્ષિક અહેવાલ (જેમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષના નાણાકીય પત્રકોનો સમાવેશ થાય છે)એ તમામ સભ્યોને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ મોકલી આપવામાં આવ્યા છે જેમના ઇમેઇલ આઇડી કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(સ) અને/અથવા MUFG ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ("RTA") પાસે નોંધાયેલા છે. આ વિગતો કંપનીની વેબસાઇટ www.corporate.celloworld.com પર, BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઇટ www.nseindia.com પર તેમજ કંપનીના RTA, MUFG ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની વેબસાઇટ https://instavote.linkintime.co.in પર પણ ઉપલબ્ધ છે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ અને તે હેઠળ સુધારેલા કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ તેમજ SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૪ની જોગવાઈઓના પાલનમાં કંપની તેના સભ્યોને (ભલે તેઓ ભૌતિક કે ઇલેક્ટ્રોનિક સ્વરૂપે શેર ધરાવતા હોય) ૮મી AGMની નોટિસમાં દર્શાવેલા તમામ ઠરાવો પર ઇલેક્ટ્રોનિક માધ્યમ (રિમોટ ઈ-વોટિંગ) દ્વારા તેમજ AGM દરમિયાન ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપવાની સુવિધા પૂરી પાડતા આનંદ અનુભવે છે. કંપનીએ ઈ-વોટિંગની સુવિધા આપવા માટે MUFG ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ("MIIPL")ની સેવાઓ લીધી છે. રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયાનું નિષ્પક્ષ અને પારદર્શક રીતે નિરીક્ષણ કરવા માટે મેસર્સ સરયેયા એન્ડ કંપની, કંપની સેક્રેટરીઝના પ્રોપ્રાઇટર શ્રી ધર્મેશ સરયેયાની સ્ક્રૂટિનાઇઝર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો મંગળવાર, ૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે (IST) શરૂ થાય છે અને ગુરુવાર, ૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે (IST) પૂરો થાય છે. ત્યારપછી, વોટિંગ માટેનું રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ MIIPL દ્વારા નિષ્ક્રિય કરી દેવામાં આવશે.

સભ્યોના મતાધિકાર ૩૧ જુલાઈ, ૨૦૨૬ ("કટ-ઓફ ડેટ")ના રોજ કંપનીની ભરપાઈ થયેલી ઇક્વિટી શેર મૂડીમાં તેમના દ્વારા ધરાવતા ઇક્વિટી શેરના પ્રમાણમાં રહેશે. જે કોઈ વ્યક્તિ કટ-ઓફ તારીખ સુધીમાં કંપનીના સભ્ય છે, તે રિમોટ ઈ-વોટિંગનો ઉપયોગ કરીને અથવા AGMમાં મતદાન કરીને AGMની નોટિસમાં દર્શાવેલા તમામ ઠરાવો પર પોતાનો મત આપવા માટે પાત્ર છે.

કોઈપણ વ્યક્તિ, જે નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર ખરીદે છે અને કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ એટલે કે ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ શેર ધરાવે છે, તેઓ AGMની નોટિસમાં જણાવેલી સૂચનાઓનું પાલન કરીને અથવા rnt.helpdesk@in.mpms.mufg.com પર વિનંતી મોકલીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

જે સભ્યો VC/OAVM દ્વારા AGMમાં હાજર છે અને જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી, તેઓ AGM દરમિયાન ઈ-વોટિંગ દ્વારા મતદાન કરવા માટે પાત્ર રહેશે. AGM દરમિયાન ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા અને સૂચનાઓ ૮મી AGMની નોટિસમાં દર્શાવવામાં આવી છે.

જે સભ્યોએ કંપની/RTA/ડિપોઝિટરીઝ પાસે પોતાના ઇમેઇલ આઇડી નોંધાવ્યા નથી, તેમણે નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશેઃ

(i) ભૌતિક (ફિઝિકલ) સ્વરૂપે શેર ધરાવતા હોવાના કિસ્સામાંઃ

સભ્ય RTA ને rnt.helpdesk@in.mpms.mufg.com પર અથવા કંપનીને grievance@celloworld.com પર ઇમેઇલ કરી શકે છે.

(ii) ડીમેટ સ્વરૂપે શેર ધરાવતા હોવાના કિસ્સામાંઃ

સભ્ય પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ ("DP")નો સંપર્ક કરી શકે છે અને DP દ્વારા જણાવેલી પ્રક્રિયા અનુસાર પોતાના ડીમેટ ખાતામાં ઇમેઇલ આઇડી નોંધાવી શકે છે.

જો સભ્યોને ઈ-વોટિંગ અંગે કોઈ પ્રશ્નો કે સમસ્યાઓ હોય, તો તેઓ https://instavote.linkintime.co.in પર 'Help' સેક્શન હેઠળ ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો ("FAQs") અને ઇન્સ્ટાવોટ (Instavote) ઈ-વોટિંગ મેન્યુઅલ જોઈ શકે છે અથવા rnt.helpdesk@in.mpms.mufg.com પર ઇમેઇલ લખી શકે છે અથવા ફોન નંબરઃ ૦૨૨-૪૯૧૮૬૦૦૦ એક્સ્ટેન્શનઃ ૨૫૦૫ પર અમારો સંપર્ક કરી શકે છે.

ડિવિડન્ડ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સે બુધવાર, ૨૭ મે, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ. ૫/- ની ફેસ વેલ્યુના દરેક ઇક્વિટી શેરદીઠ રૂ. ૧.૫૦ (એટલે કે ૩૦%)ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. આ ડિવિડન્ડ જ્યારે મંજૂર થશે, ત્યારે શુક્રવાર, ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ કામકાજના સમયની સમાપ્તિએ ભૌતિક સ્વરૂપે અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપે શેર ધરાવતા ઇક્વિટી શેરધારકોને ચૂકવવાપાત્ર થશે અને તેની ચુકવણી ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ અથવા ત્યાર પછી કરવામાં આવશે.

સભ્યોને એ પણ જણાવવામાં આવે છે કે આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ની જોગવાઈઓ અનુસાર, કંપની દ્વારા ચૂકવવામાં આવેલ અને વહેંચાયેલ ડિવિડન્ડ સભ્યોના હાથમાં કરપાત્ર રહેશે અને કંપનીએ સભ્યોને ચૂકવવામાં આવતા ડિવિડન્ડમાંથી નિયત દરે સોર્સ પર ટેક્સ કપાત (TDS) કરવાની રહેશે. આ અંગેની વિગતવાર માહિતી AGMની નોટિસમાં આપવામાં આવી છે.

બુક ક્લોઝર

વાર્ષિક સાધારણ સભા અને ડિવિડન્ડના હેતુ માટે સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક શનિવાર, ૧ ઓગસ્ટ, ૨૦૨૬ થી શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.

સેલો વર્લ્ડ લિમિટેડ વતી
સહી/-
હેમાંગી ત્રિવેદી
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

તારીખઃ ૧૬ જુલાઈ, ૨૦૨૬
સ્થળઃ મુંબઈ

(મસ્જીદ ખરોડ) મોજે : ખરોડ, તા.અંકલેશ્વર, જીલ્લાઃ ભરૂચ

ગુજરાત રાજય વકફ બોર્ડ રજીસ્ટર નંબર : બી-૫૧૧
પદર ફળીયુ, ખરોડ, અંકલેશ્વર, ખરોડ, ભરૂચ-૩૯૪૧૧૫.

તા. ૧૬/૦૭/૨૦૨૬

ગુજરાત રાજય વકફ બોર્ડના વકફ અધિનિયમ કલમ ૫૬ અને વકફ પ્રોપર્ટી લીઝ ૨૦૧૪ (સુધારા) ૨૦૨૦ ના નિયમ-૫ હેઠળ વકફની મિલકત ભાડાપટ્ટે આપવા અંગેની જાહેરાત.
વકફનું નામ : મસ્જીદ ખરોડ, બી-૫૧૧, ભરૂચ - વકફનું સરનામુ : પદર ફળીયુ, ખરોડ, અંકલેશ્વર, ખરોડ, ભરૂચ-૩૯૪૧૧૫.

મોજે	જુનો રેવન્યુ સર્વે નં.	જુનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	ખાતા નંબર	ક્ષેત્રફળ (ચો. મી.)	હેતુ	ખંત્રી મુજબ માસિક ભાડાની અપસેટ વેલ્યુ રૂા.	ભાડેપટ્ટે આપવાના વર્ષ	અન્ય
નાના બોરસરા તા.માંગરોલ જી.સુરત	૧૯૫	૨૦૨	૨૦૦	૧૪૯	૨૩૬૯૮	વાણીજ્ય	૩૬૧૪૦.૬૭૫/-	૩૦	હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ભાડેપટ્ટે આપવાની છે.
નાના બોરસરા તા.માંગરોલ જી.સુરત	૧૮૮	૧૭૨	૧૬૩	૧૦૪	૧૮૧૧૪	વાણીજ્ય	૬૦,૦૦૦/-	૩૦	હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ભાડેપટ્ટે આપવાની છે.

ઉપર દર્શાવેલી જમીન મસ્જીદ ખરોડ, બી-૫૧૧, ભરૂચ વકફ સંસ્થાની માલિકીની છે તે મિલકત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ૩૦ વર્ષ માટે વાણીજ્ય હેતુ માટે ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ મિલકત ભાડાપટ્ટે આપવાની હોય, ઇચ્છા ધરાવનાર ઇસમો/સંસ્થાઓ પાસેથી સીલ બંધ કવરમાં ભાવ મંગવવામાં આવેલ છે. સીલ બંધ કવર રજીસ્ટર પોસ્ટ એડીથી તારીખઃ ૨૩/૦૭/૨૦૨૬ સુધીમાં ઉપરોકત સરનામે ટ્રસ્ટને મળી જવા જોઇએ. અન્ય રીતે મળેલા ભાવપત્રકો વિચારણામાં લેવામાં આવશે નહીં. ટેન્ડર સાથે ઇ.એમ.ડી. રૂા.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરાનો વકફ સંસ્થા મસ્જીદ ખરોડ ના નામનો ડ્રાફટ રાષ્ટ્રીયકૃત બેંકમાં ભરવાનો રહેશે. અન્ય કોઇ રીતે ભરેલી રકમવાળા ભાવો વિચારણામાં લેવામાં આવશે નહીં. તારીખઃ ૨૫/૦૭/૨૦૨૬ ના રોજ ટ્રસ્ટી મંડળની બેઠકમાં પક્ષકારો